**ક્રિમીનલ કેસ નં.૧૩૪૧/૧૬**

**:: આંક–૩૦ લગત હુકમ ::**

**(૧)** આ કામે આરોપી યુસુફ ઉર્ફે સુબો આદમ ભુરા પટેલ નાઓએ બીમારીની સારવાર માટે ભરુચ જીલ્લામાં પ્રવેશવા માટેની પરવાનગી મેળવવા હાલની આ અરજી આપેલ છે. આરોપી તર્ફેની સદરહું અરજીને વંચાણે લેવામાં આવેલ છે.

**(૨)** અરજી સંદર્ભે ફરીયાદી તર્ફે એવો શેરો કરવામાં આવેલ છે કે, આરોપીઓ જે પ્રકારની બીમારી દર્શાવેલ છે તે ગંભીર નથી અને આ બીમારીની સારવાર ભરુચ જીલ્લાની બહાર પણ થઈ શકે છે તેમજ અગાઉ સારવાર કર્યાના કોઈ પેપર્સ રજુ કરેલ નથી. જેથી અરજી મંજુર કરવા સામે સખત વાંધો છે. વધુમાં આરોપીની અરજીની વિરુધ્ધમાં આંક–૪૨ થી રજુ જવાબ વંચાણે લેવામાં આવેલ છે.

**(૩)** ત્યાર બાદ આરોપી તર્ફે વિ.વ.શ્રી બી.આર.ચોકસી નાઓની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે અને તેમા તેઓએ જણાવેલ છે કે, ટ્રાયલ પુર્ણ થતા ઘણો સમય થાય તેમ છે., ગુનો દસ્તાવેજી પુરાવાઓ પર આધાર રાખે છે, ચાર્જસીટ થઈ ગયેલ છે અને ફરીયાદીની ચીફ થઈ ગયેલ છે, આરોપીએ શરતોનો કોઈ ભંગ કરેલ નથી. જો શરતમાં ફેરફાર કરવામાં આવે તો ટ્રાયલને અસર થાય તેમ નથી, અમારી સારવાર ભરુચ મુકામે ચાલતી હોય જેથી અરજી મંજુર કરવા અરજ કરેલ છે.

**(૪)** ત્યાર બાદ ફરીયાદી તર્ફે આંક–૪૨ થી રજુ લેખીત દલીલો વંચાણે લેવામાં આવેલ છે.

**(૫)** ઉભય પક્ષની રજુઆત ધ્યાને લીધી, આ કામનું સમગ્ર રેકર્ડ વંચાણે લીધુ. આરોપીએ હાલની તેઓની અરજીમાં તેઓ છેલ્લા દોઢ વર્ષથી હાઈ બ્લડ પ્રેસરની બીમારીથી પીડાતા હોય અને તેઓની સારવાર ભરુચના ડો.માલજીવાલા પાસ ે ચાલતી હોય તે સંજોગોમાં ડો.માલજીવાલાના દવાખાના કે ભરુચના સીવીલ દવાખાનામાં કે અન્ય દવાખાનામાં સારવાર માટે આવવુ પડે તેમ હોય તે હેતુ

માટે ભરુચ જીલ્લામાં પ્રવેશ કરવાની પરવાનગી આપવા વિનંતી કરેલ છે. પરંતુ આરોપીએ તેઓની બીમારી અંગેનું જે કારણ જણાવેલ છે તે બીમારી ગંભીર પ્રકારની હોવાનું જણાતુ નથી. વધુમાં સદરહું બીમારી સંદર્ભે તેઓ ભરુચ જીલ્લાની બહાર પણ સારવાર લઈ શકે તેમ છે. વધુમાં બીમારી સંદર્ભે તેઓએ કોઈ આધાર પુરાવો હાલની અરજી સાથે સામેલ રાખેલ નથી. તે તમામ સંજોગોમાં હાલની આ અરજી મંજુર કરવા પાત્ર જણાતી ના હોય ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

આ કામના આરોપીની હાલની આંક–૩૦ વાળી અરજી આથી નામંજુર યાને રદ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૨૫ મી, માહેઃ જુલાઈ, સને ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**DATE: 25-07-2018**
**PLACE:VAGRA**

**(SAGARKUMAR SHANTILAL PRAJAPATI)**
**JUDICIAL MAGISTRATE FIRST CLASS,**
**VAGRA,**
**CODE NO.GJ01482**